

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*'નરહરિ' જેવી સહનશીલનાં સજોડાં થાય છે!*
*ને એકમેકની ગરજે હોય તો કજોડાં થાય છે!*
*વાવાઝોડા થાય છે ઉભય પક્ષોમાં તોડફોડથી -*
*મતદારને છેહ દેનારાનાં વગોવણાં થાય છે!*

### હાઈકુ

*પક્ષ-પ્રજાની,*
*જે ભરે ન શરમ -*
*છે બે શરમ !*

*નાણાંની ધારે,*
*કરે છે લૂંટફાટ -*
*દિલ્હીના ઠગ*

### ચિંતન

*અકન કર્મ કર્મકૃતઃ સહ વાચા મર્યાભુવા ।*
*દેવેભ્યઃ કર્મ કુત્વાસ્તં પ્રેત સચાભુવઃ ॥*

ઉપરોક્ત શ્લોક યજુર્વેદમાંથી લેવામાં આવેલ છે.

આળસનો ત્યાગ કરી પુરુષાર્થી બનો. મુર્ષતાનો ત્યાગ કરી વેદજ્ઞાન મેળવો. મધુર બોલો અને એકબીજાને મદદ કરો. આથી આ લોકનું અને પરલોકનું સુખ મળશે.

વેદજ્ઞાનથી બધાને ઉન્નતિનો માર્ગ મળવો જોઈએ. આપણે બધાં પરસ્પર સજ્જનતાનો વ્યવહાર કરીએ. સજ્જનતાનો વ્યવહાર ઉદારતા, સહાયતા અને પ્રેમથી પરિપૂર્ણ થાય છે.

નિષ્ક્રિયતા જડતાનું લક્ષણ છે. મૃત્યુનું લક્ષણ છે. એટલે આળસું, મૂર્ખ, અજ્ઞાની તથા દરિદ્ર લોકો નિષ્ક્રિય અને મરેલા જેવા હોય છે. જ્ઞાની વ્યક્તિ શાંત અને સંતુલિત વૃત્તિની હોય છે અને જીવનની એકએક પળનો સદુપયોગ કરે છે.

જ્ઞાની અને પુરુષાર્થી જ શ્રેય મેળવી શકે છે. તેઓ આત્મિક પરમાનંદને મેળવે છે.

### સુવિચાર

- કિનારા ન મિલે તો કોઈ બાત નહીં, દૂસરોં કે ડૂબો કે મુઝે તૈરના નહીં હૈ - **પ્રણવ પંત**
- અંતરને વલોવતાં એક તારણ નીકળ્યું, માનવીનું ભેજું જ માણસાઈનું મારણ નીકળ્યું - **એસ. ભટ્ટાચાર્ય**
- વેરના સામ્રાજયમાં સૂર્ય નહીં, માણસ આથમે છે - **બોધિવૃક્ષ**
- મહેનતના પરસેવાની માલીશ કરી છે, એટલે જ મારી આ ત્વચા ઝળહળી છે - **અનંત આચાર્ય**
- સફળ વ્યક્તિની ચમકથી જ લોકોને મતલબ હોય છે, તેણે કેટલા અંધારા જોયા એ કોઈ નથી જાણવા માગતું - **જનકલ્યાણ**
- 'સાંભળી' લેવું અને 'સંભાળી' લેવું - એ દરેક વ્યક્તિના ગજાની વાત નથી - **કાજલ ઓઝા વૈદ્ય**
- આજનું ઔષધ : પાકા કોળાના ટુકડા પર બુરુ ખાંડ અને મરી ભભરાવી ખાવાથી એસિડીટી મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ગ્રીસમાં પ્લેટો જગ વિખ્યાત દાર્શનિક હતા. તેમની પાસે દૂરદૂરથી જિજ્ઞાસુ લોકો કંઈક ને કંઈક શીખવા કે જાણવા આવતા હતા.

પ્લેટો સૌને બધાને શીખવતા હતા. પરંતુ તેની સાથે સાથે સૌની પાસેથી કંઈન ને કંઈક પૂછી નવું જાણવાનો સતત પ્રયત્ન કરતા રહેતા. એમને એક શાણો માણસ મળવા આવ્યો અને તેણે પ્લેટોને સલાહ આપતા કહ્યું, 'આપની પાસે જે લોકો કંઈક જાણવા, શીખવા માટે છે તે લોકો પાસે આપ કંઈક જાણવા પ્રયત્ન કરો છો...!! તેને કારણે આપની પ્રતિષ્ઠા ઘટે છે.'

પ્લેટો એ કહ્યું, 'ભાઈ, હું જીવનભર વિદ્યાર્થી બની રહેવા ઈચ્છું છું. વિદ્યાર્થી બની રહેવામાં જ મારા જ્ઞાનની વૃદ્ધિ થતી રહી છે. વિદ્યારઅથી તરીકેની પદવી જ મને સૌથી મોટી લાગે છે.'

પેલા શાણા માણસને પ્લેટોના શબ્દોથી સાચું ડહાપણ આવ્યું.

સાર એ જ કે જિજ્ઞાસુ હોય તેમણે જીવનભર વિદ્યાર્થીભાવ રાખીને કંઈક ને કંઈક શીખતા રહેવું જોઈએ.

# શૈક્ષણિક સત્ર માટે શાણપણ ભર્યો નિર્ણય

**તંત્રીસ્થાનેથી...**

દેશભરમાં મંદિરો, મોલ્સ અને હોટલો ખૂલી ગઈ છે પરંતુ શાળાકૉલેજોમાં લોકડાઉનનો અમલ ચાલુ છે. કેન્દ્રીય માનવ સંશાધન મંત્રી અને રાજયોના શિક્ષણમંત્રીઓ આ મુદ્દે અતિશય સંવેદનશીલ છે કારણ કે કોરોના જેવી ઘાતક બિમારી આપણી ઊછરતી પેઢીને ન ડંખે એની બધાને એકસરખી ચિંતા રહે તે સ્વાભાવિક છે. તજજ્ઞો પણ આ વાઈરસ ઓછી પ્રતિકાર શક્તિ ધરાવતાં બાળકો અને વૃદ્ધોને ઝપટમાં લે તો ભારે પડી જશે એવી ચેતવણી આપણા રહે છે. આથી લોકડાઉન ખૂલ્યા પછી પણ ઉંમરલાયક વરિષ્ઠ નાગરિકો અને બાળખો ઘર બહાર ન નીકળે એવી સૂચના તંત્ર તથા વિશેષજ્ઞો આપતા રહે છે. બાળકો આપણું ભવિષ્ય છે. એમની શૈક્ષણિક કારકિર્દી અલબત્ત ખૂબ જ મહત્ત્વની છે, પરંતુ જીવના જોખમે એની તરફેણ ન જ કરી શકાય. આપણા શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ તજજ્ઞો સાથે પરામર્શ કર્યા પછી જ શાળાકૉલેજો શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. તેઓ શિક્ષણમંત્રી તરીકે પોતાને દરેક બાળકના વાલી ગણે છે. આ ભાવના ખરેખર દાદ માગી લે એ બરની છે. ઉતાવળે શિક્ષણકાર્ય શરૂ કરીને કોરોનાની ખપ્પરઝોલીમાં કુમળા બાળકોને પધરાવી દેવાં એ તો રાક્ષસી કૃત્ય જ લેખાય. આથી ૮ જૂનથી શરૂ થનાર શૈક્ષણિક સત્ર સ્થગિત કરાયું છે અને ૧૫મી ઓગસ્ટ સુધી શાળાકૉલેજો અને શૈક્ષણિક પ્રવૃત્તિ સ્થગિત કરવાનું સરકારનું પગલું ખચીત ડહાપણ અને દૂરંદેશી ભર્યું ગણાશે. ૧૫મી ઓગસ્ટ પછી પણ પરિસ્થિતિનો તાગ મેળવ્યા બાદ જ શાળાઓ ખૂલે તે જરૂરી છે. વળી કોરોના પૂર્વે જે રીતે બાળકો મસ્તીથી રમતાંકૂદતાં શાળાએ આવતાં એમાં પણ ભારે ફેરફાર કરવો અનિવાર્ય બની રહેશે.

બાળકોને એકમેકથી એક મીટરના અંતરે બેસાડવા પડશે. સામૂહિક પ્રાર્થના અને ઉત્સવો પર પ્રતિબંધ જાળવવો પડશે. બાળકોને સેનિટાઈઝર અને વારંવાર સાબુથી હાથ ધોવાનું શીખવવું પડશે તથા માસ્ક ફરજિયાત કરવા પડશે. વળી અમુક અંતરે માસ્ક કાઢી ફ્રેશ હવા મળી રહે એવું આયોજન કરવું પડશે જેથી પોતાના જ ઉચ્છ્વાસમાં બહાર ફેંકેલો કાર્બન ડાયોકસાઈટ બાળકના કુમળાં ફેફસાંમાં પાછો ન જાય. આ બધાનું ધ્યાન રાખવા માટે શિક્ષકોને વિશેષ તાલીમ આપવાની જરૂર પડશે. દરેક બાળકની તાસીર અલગ હોય છે એટલે બધાને એક સરખાં નિયંત્રણ લાગુ કરવાનું પણ ઉચિત નહીં ગણાય. નાનાં બાળકોને ઘેર બેઠાં પાઠ્યપુસ્તકો પહોંચાડવાનું અને ઓનલાઈન ભણાવવાનું કેટલું કારગત નીવડશે તે પ્રશ્ન છે. લાખો ગરીબ પરિવારો પાસે એન્ડ્રોઈડ ફોનની સુનિધા નથી તે હકીકત પણ ધ્યાનમાં રાખવી પડશે. આવાં વંચિત બાળકો કે જેમનાં માતાપિતા ખેતમજૂરી કે નાનીમોટી હાથમજૂરી, રેંકડીઓ, રિક્ષાઓ વગેરે ચલાવીને ગુજરાન ચલાવતાં હોય એમની સવિશેષ કાળજી લેવી પડશે. શિક્ષકો એમના ઘરે જઈને ભણાવે એ જ એક માત્ર વિકલ્પ બચે છે. હાઈસ્કૂલ-કૉલેજના સમજણા વિદ્યાર્થીઓને જરૂરી પૅમ્ફલૅટ્સ પહોંચાડીને તથા અભ્યાસક્રમોનો સારાંશ ઘરે બેઠાં ઉપલબ્ધ કરાવીને એમનું શૈક્ષણિક વર્ષ બચાવી શકશે. યુનિવર્સિટી અને બોર્ડની પરીક્ષાઓમાં પણ પ્રશ્નોપત્રોની પદ્ધતિમાં ફેરફાર કરવો જરૂરી બની રહેશે. સ્પર્ધાત્મક પરીક્ષાઓ ઓનલાઈન લઈ શકાય ખરી ? આ મુદ્દે પણ તજજ્ઞો સાથે પરામર્શ કરી યોગ્ય નિર્ણય કરવો પડશે. બાળકો દેશનું જીવતું ધન છે, એને આ મુશ્કેલ સમયમાં બરાબર સાચવી લઈ, એમની શૈક્ષણિક કારકિર્દીને પણ આંચ ન આવે તે રીતે આગળ વધવા માટે સમાજશાસ્ત્રીએ, રાજકીય અગ્રણીઓ અને શિક્ષણવિદોએ સહિયારા પુરુષાર્થ કરવો જ રહ્યો.

# તમને નથી લાગતું કે આ પારકી પંચાત કંઈક વધુ થઈ રહી છે?



**નવાં કલેવર**
**નટવર હેડાઉ**

ગામને છેવાડે આવેલી સોસાયટીમાં બધા લોકો ખાઈ પરવારીને સૂઈ ગયા હતા ત્યારે એક ઘરની લાઈટ હજુ ચાલુ હતી. તે ઘરમાંથી જોર જોરથી કોઈ ઝગડો થઈ રહ્યો હોય અને ગાળાગાળી થતી હોય તેવા અવાજો આવતા હતા.

અમુક સ્ત્રીઓ અને પુરુષો ઘરમાંથી બહાર નીકળ્યા અને સ્ટ્રીટ લાઈટના અજવાળામાં એ તરફ આગળ વધ્યાં જે તરફથી ઝગડો અને ગાળાગાળીના અવાજો આવતા હતા.

સ્ત્રીઓ અને પુરુષો તે ઘરની બહાર જઈ ટોળે વળ્યાં અને વાત શું છે તે જાણવાની કોશિષ કરવા લાગ્યાં. તેમણે જોયું તો બલ્બના અજવાળામાં દીકરો અને તેની નવી જ આવેલી વહુ પર દીકરાનો બાપ ગાળોનો વરસાદ વરસાવી રહ્યો હતો અને બંને જણ ચૂપચાપ બેઠાં તે સહન કરી રહ્યા હતા.

તેમના ચહેરાને જોતા એમ લાગતું હતું કે બહુ વ્યથા અનુભવી રહ્યા છે છતાં ચૂપ બેઠાં હતા.

એક બે મજબૂત માણસો ઘરમાં પ્રવેશ્યા અને તેના પિતાને ચૂપ કરાવતા દૂર લઈ ગયા. બાકી રહ્યા તે વહુ-દીકરાને સમજાવવા લાગ્યા. 'બેટા સાંભળવામાં વાત કડવી લાગશે પણ સાચું પૂછો તો ડોસાની બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ છે.'

દીકરાએ કહ્યું, 'ના, એવું કંઈ નથી. હાં એ સાચું કે તેમની હવે ઉંમર થઈ છે. હવે તેમને એ વાતનું ભાન રહેતું નથી કે તે શું બોલે છે ને શું નહીં.' તે હવે કંઈ ઝાઝુ વિચારી શકતા નથી. બોલવા બેસે તો બોલતા જ જાય છે.

એક ઠીંગણી સ્ત્રી બોલી, 'ડોસો કેવો સાવ નક્કામો છે. બીજાંના ઘરમાં ઘરડાં માણસો કંઈને કંઈ કામ કરતા હોય છે. તમે એ જૂઓ તો એક દિવસ પણ આની આવી ટકટક સહન ન કરો. ભલે કામ ન કરે તો કંઈ નહીં. પણ બિચારી પારકી જણીની સાથે શું કામ આખો દિવસ ઝગડે છે? હવે આ લોકડાઉનના સમયમાં તો તમે બંને સુકાઈને કાંટા જેવા થઈ ગયા છો. પણ આ ડોસાના ચહેરા પર તમારાથી વધારે ચમક દેખાઈ રહી છે. તેને કાબુમાં રાખો તો સારું. નહીંતર જેમ ઉંમર વધતી જશે તેમ તમારી મુસીબત વધશે.'

'ના, કાકી એવું કંઈ નથી.' આ વખતે વહુ બોલી. 'તેઓ અમને નહીં કહે તો કોને કહેશે? રહી વાત કામની, તો સાઈઠ વર્ષ સુધી કમાઈને ખવડાવ્યું છે તો હવે ઘરડે ઘડપણ ભલે ને શાંતિથી બેસી રહેતા.'

તેમાં વળી ટોળામાંથી કોઈએ સલાહ આપી. 'તમે લોકો એવું કરો તમારા બાપથી અલગ થઈ જાવ. પછી જોઈએ કે તમારી સાથે કેવી રીતે ઝગડે છે.'

'બીજું શું ? પડ્યો રહેશે એકલો. પછી ભલે ગમે તેમ બબડ્યા કરે, ચીડાયા કરે.' પાછળ ઊભેલ ટાપસી પુરી.

લાઈટના અજવાળામાં બેઠેલ દીકરાએ કહ્યું, 'મારા બાપા છે તેને હું બાળપણથી ઓળખુ છું. એ ગમે તેમ બોલે છે પણ અમારા પ્રત્યે તેમનું વ્હાલ અને લાગણી પણ એટલી જ છે. તમે બધાં તો ખોટાં પાછળ પડી ગયા. તે ગાળો દે છે તો અમને દે છે ને?'

'બેટા, તને ગાળો દે છે પણ અમને લાગે છે ને. પાડોશી હોવાના નાતે તમારું દુઃખ એ અમારું દુઃખ છે. અમે તો તમારા ભલા માટે કહેવા આવેલાં. નહીંતર અમારે શું. સોસાયટીના નાકે કરિયાણાની દુકાન ચલાવનાર ભાઈએ ચહેરા પર આત્મીયતાનો ભાવ લાવી કહ્યું.'

વહુ બોલી, 'બાપુજી એકલા એકલા બોલીને થાકી જશે એટલે સૂઈ જશે. તેમની અમને બહુ ચિંતા નથી. પણ તમે બધાં ટોળું થઈને આવી ગયા. તમને નથી લાગતું કે આ પારકી પંચાત કંઈક વધુ થઈ રહી છે?'

દીકરા-વહુની વાતોની એળી અસર થી કે ત્યાં ભેગુ થયેલ ટોળું કયારે વિખરાઈ ગયું તેની ખબર જ ન પડી.

# જીવનમાં એકાદ વાર જ આવી તક મળતી હોય છે



**આવો જીવીએ શાનદાર**
**વિનોદ અમલાણી**
amlani2000@yahoo.co.uk

શ્રી એલ બી લચમનનું (L B Lachman) એક ફિલ્મ નિર્માતા તરીકે ભારતીય ફિલ્મ ઉદ્યોગમાં ખૂબ જ મોટું નામ. ચોરીચોરી, અનાડી, અનુપમા, અનોખી રાત જેવી કેટલીયે સફળ ફિલ્મોના નિર્માતા એવા શ્રી લચમનને ફિલ્મ ઉદ્યોગમાં દરેક કલાકાર – કસબી માન-સન્માન આપતા. તેમની ફિલ્મોમાં કામ કરવું એ કોઈપણ કલાકાર-કસબી માટે એક અનેરો લ્હાવો હતો.

એવા જ એક દિગ્ગજ દિગ્દર્શક જેમણે ચૂપકે-ચૂપકે, ગોલમાલ, ગુડ્ડી, બાવરચી, મીલી, અભિમાન જેવી કેટલીયે સફળ ફિલ્મોનું નિદર્શન કર્યું હતું એવા શ્રી ઋષિકેશ મુખરજી. એમની સાથે કામ કરવામાં, એમના નિર્દેશન નીચે અભિનય કરવામાં દરેક અભિનેતા, અભિનેત્રી અને કલાકાર-કસબીઓ એક પ્રકારનું ગૌરવ લેતા.

ઋષિકેશજી પોતાની એક અવિસ્મરણીય અને સફળ ફિલ્મ 'આનંદ'નું નિર્માણ કરી રહ્યા હતા. ફિલ્મનુ નિર્માણ કાર્ય ચાલુ હતું એ દરમ્યાન એક રસપ્રદ અને યાદગાર ઘટના બની. એ ફિલ્મના બે હોનહાર અદાકારો અમિતાભ બચ્ચન અને રાજેશ ખન્ના સાથે ઋષિકેશજી એક મ્યુઝિક રેકૉર્ડિંગ સ્ટુડિઓમાં કોઈ કામ માટે ગયા. (ફિલ્મ 'આનંદ'માં રાજેશ ખન્નાએ ભૂમકા કેવી રીતે મેળવી તેની પણ એક રસપ્રદ કહાની છે.) એ સમયે મ્યુઝિક રેકૉર્ડિંગ સ્ટુડીઓમાં બીજી કોઈ ફિલ્મના એક ગીતનું કામ ચાલી રહ્યું હતું. ઋષિકેશજીએ એ ગીતનાં શબ્દો અને ધૂન સાંભળ્યા તો ખૂબ જ પ્રભાવિત થઈ ગયા. તેમને એવું લાગ્યું કે એ ગીત પોતાની ફિલ્મ 'આનંદ' ની એક સિશ્યુએશન માટે એકદમ યોગ્ય છે. એ જ સમયે તેમણે રાજેશ ખન્ના અને અમિતાભ સાથે એ વિષે ચર્ચા કરી. એ બન્નેએ પણ એ જ અભિપ્રાય આપ્યો. એ ગીત વિષે તપાસ કરી તો જાણવા મળ્યું કે શ્રી એલ બી લચમન દ્વારા નિર્માણ પામી રહેલી ફિલ્મ 'અન્નદાતા' માટે એ ગીત બની રહ્યું હતું.

ઋષિકેશજીએ લચમનજીનો સંપર્ક કર્યો. પોતાની 'આનંદ' ફિલ્મની વાત કરી અને એ ગીત 'આનંદ' ફિલ્મ માટે આપવા વિનંતી કરી. સ્વાભાવિક હતું કે લચમનજી એ વાત સ્વીકારે નહીં. રાજેશ ખન્ના અને અમિતાભ બચ્ચને પણ એ વાતનો દાણો ડાબી જોયો પણ ખાસ કઈ વળ્યું નહીં. લચમનજીની દલીલ એવી હતી કે એ ગીત પોતાની ફિલ્મ 'અન્નદાતા'ની જે સિચ્યુએશન માટે લખાયું છે તેના માટે એકદમ યોગ્ય છે એટલે પોતે લાચાર છે.

'અન્નદાતા' ફિલ્મના સંગીતકાર સલીલ ચૌધરી હતા. જોગાનુજોગ ફિલ્મ 'આનંદ' ના પણ સંગીતકાર સલીલજી હતા. ''અન્નદાતા''નું એ ગીત યોગેશજીએ લખ્યું હતું. ઋષિકેશજીએ સલીલજીને વાત કરી. 'આનંદ' ફિલ્મની જે સિચ્યુએશનમાં ઋષિકેશજી એ ગીત મુકવા માંગતા હતા તેના વિષે સલીલજી જાણતા હતા. તેઓ પણ એ વાત સાથે સંમત થયા કે ફિલ્મ 'આનંદ' માટે એ ગીત વધારે યોગ્ય છે. સલીલજીએ યોગેશજીને સાથે લઈને લચમનજીને વાત કરી અને કહ્યું કે એ ગીત 'આનંદ' માટે એકદમ જ યોગ્ય છે. એ બન્નેએ એવી પણ ખાતરી આપી કે 'અન્નદાતા' નું શૂટિંગ શેડ્યુલ થોડું મોડુ છે એ દરમ્યાન તેઓ આ જ પ્રકારના એક સુંદર ગીતની રચના 'અન્નદાતા' માટે કરી આપશે. લચમનજીએ 'આનંદ' ની કથા સાંભળી. ગીત મૂકવાનું હતું એ સિચ્યુએશન જાણી. તેમને પણ એવો અહેસાસ થયો કે એ ગીત 'આનંદ' માટે વધારે યોગ્ય છે. આગળ કશું જ વિચાર્યા વિના તેમણે સંમતી આપી દીધી.

યોગેશજી રચિત અને સલીલજીની સ્વરરચનાથી મઢેલું એ ગીત હતું ''કહીં દૂર જબ દિન ઢલ જાયેં, શામકી દુલ્હન બદન ચૂરાયે, ચુપકે સે આયે''

આ પ્રસંગના જાણકારો આજે પણ લચમનજીની એ ખેલદિલી, તેમની ઉદારતા, અન્યને મદદરૂપ થવાની ભાવના અને સારી ફિલ્મો બને એ માટેની તેમની ખેવનાની કદર કરે છે, તેમની પ્રશંશા કરે છે.


લગભગ ૧૯૭૦-૭૧માં લચમનજી અને ઋષિકેશજી વચ્ચે બનેલી એ ઘટના, બન્ને વચ્ચે સર્જાયેલી એ પરિસ્થિતી જેવી પરિસ્થિતી કોઈપણ વ્યક્તિના જીવનમાં ગમે ત્યારે સર્જાતી રહેતી હોય છે. આપણી પાસે જે કઈ હોય એ અન્ય કોઈ સ્નેહી-સંબંધીને કામ આવી શકે, આપણાં કરતાં તેને વધારે ઉપયોગમાં આવી શકે, આપણાં કરતાં તેને વધારે સગવડતા આપી શકે, આપણાં કરતાં તેને વધારે શોભાયમાન કરી શકે તો આપણે તેનો ત્યાગ કરવો જોઈએ એવું લચમનજીના કિસ્સામાથી આપણે શીખી શકીએ. હા ક્યારેક એવું પણ બને કે આપણે જે કોઈ સ્નેહી-સંબંધી માટે ત્યાગ કરીએ તેને કારણે કદાચ આપણને થોડું નુકશાન પણ જાય, થોડી અગવડતા પણ પડે પણ એ ત્યાગ થકી આપણાં સ્નેહી સંબંધીને વધારે ફાયદો થતો હોય તો એકંદરે એ ફાયદામાં જ ગણાય.

આ પ્રકારની જરૂરિયાત ક્યારેક ખૂબ નાનીનાની હોય છે. કદાચ એવી ચીજ હોય છે જે આપણી પાસે હોય છે પણ આપણને તેની જરૂરિયાત નથી હોતી પણ આપણાં સ્નેહી-સંબંધીને એ વધારે યપયોગી સાબિત થઈ શકતી હોય છે. આપણી જરૂરિયાત હોય કે ના હોય સંબંધીને એ વધારે ઉપયોગી થઈ શકતી હોય તો ત્યાગ કરી દેવામાં આપણી મહાનતા છે.

લચમનજીએ 'હા' કહેતા પહેલા આનંદ' ની કથા સાંભળી. ગીત મૂકવાનું હતું એ સિચ્યુએશન જાણી એવી જ રીતે આવું કરતાં પહેલા ક્યારેક સંબંધીની પરિસ્થિતિને પણ તાગવાની આવશ્યકતા હોય છે. માત્ર 'ના' કહીને બેસી રહીએ તેને બદલે સાચી પરિસ્થિતિનો તાગ મેળવી, પ્રમાણિકપણે આપણી અને સંબંધી બન્નેની પરિસ્થિતિનું મૂલ્યાંકન કરીને નિર્ણય લઈએ તો એ નિર્ણય વધારે સાચો ઠરે.

સંબંધીની જરૂરિયાતનો તાગ મેળવવો, એ જરૂરિયાત પૂરી કરવા માટે આપણે શક્તિમાન હોઈએ અને તેમની જરૂરિયાત પૂરી કરવાનો લ્હાવો તો આપણાં નસીબમાં હોય તો જ મળે. આ પ્રકારના પ્રસંગો જીવનમાં ક્યારેક જ આવતા હોય છે અને આપણે કોઈને આ રીતે મદદ કરી શકીએ એવી તક તો જીવનમાં એકદવાર જ ઉદભવતી હોય છે. એવી તકને ઝડપી લઈએ અને એ જ ગીતની પંક્તિની જેમ કિસી કે આંગનમે હમ 'સપનો કે દીપ જલાયેં'

# ભૌતિકવાદી સત્તા લાલચુ રાષ્ટ્રોએ વિશ્વને નર્ક બનાવ્યું છે



**જીવન ઉપવન**
**મહેન્દ્ર એમ ત્રિવેદી**
mmtrivedi007@gmail.com

દરેક રાષ્ટ્રની સામાન્ય જનતા તેના જીવન માટે સંઘર્ષ કરીને પોતાના જીવનમાં શાંતિથી જીવી રહી હતી તેમાં પ્રશ્નો કે મુંઝવણો તો હતી છતાં જીવને અંતે ભયંકર ભય કે ડર ના હતો. દરેક દેશની નીતિ, વિકાસની કક્ષા, કુદરતની મહેરબાની વિવિધ હોવાથી આર્થિક સમસ્યાઓ તો અવશ્ય હોય એ પણ સમજી શકાય છે! બધા જ માનવીને અંતે એક ભૂખ કાયમ પ્રવર્તે છે અને તે સુખ મેળવવાની ઉત્સુકતા કે ભૂખ - અને એ ખૂબ જરૂરી હોય છે જે કંઈક નવું કરવાની પ્રેરણા આપે છે. ફક્ત માનવ જીવનમાં અન્યનું ચિંતન, મનન કે જતન કરવાનું છોડી દીધું એટલે વિશ્વ પીડાતું થયું જેમાં પર્યાવરણ વિકૃતિનો પણ સમાવેશ થઈ જાય છે. ગરીબી પણ સાર્વત્રિક છે, માનવ લુચ્ચાઈ, અનીતિ, અન્યાય, ધૃણા પણ બેહદ પ્રમાણમાં વિસ્તૃત થઈ રહી છે એટલે ટૂંકમાં જ કહેવું હોય તો સ્વયંના સુખની હોડ અને શોધથી જગત કચડાઈ ગયું છે કોઈને દોષ દઈ આ વાત પૂર્ણ કરી શકાય તેમ પણ નથી. માણસનું જીવન પણ સીમિત છે તેથી સિદ્ધિઓ પણ અમાપ પ્રાપ્ત થઈ જશે તેવું માનવું પણ સાચું નથી. મરિઝનો શૅર સમજવા જેવે છે.

'કેવી દિલચશ્પ મનોરમ્ય છે જીવનની કથા
ને નવાઈ છે કે એમાં જ કશો સાર નથી'
કામમા મૃત્યુમાં લઈ જાય અને નિષ્કામ ચિત્તથી અમૃત મળી જાય છે અહીં મુખ્ય ચર્ચા જે કરવાની છે તે શા માટે આ સમગ્ર સૃષ્ટિ ઉદાસ ગમગીન અને દુઃખી થઈ છે? આ બાબતની વિચારણા કરતા અવશ્ય લાગે છે કે વિશ્વમાં જે મોટી મહાસત્તા ગણાતા રાષ્ટ્રો છે તે લોકોની અતિ મહત્ત્વકાંક્ષા અને સ્પર્ધાત્મક હોડ મુખ્ય છે. ચીન પોતાની વિસ્તારવાદી ભૂખ માટે નામચીન છે લગભગ આજુબાજુના તમામ તેર જેટલા દેશો જોડે તેને વાંધા-વચકાઓ વર્ષો થી ચાલે છે! તેને હવે જમીન હડપવાની ઝંખના જાગી છે અને એ પણ તેણે જ ફેલાવેલા કોરોના મહામારી પછી !!

હિમાલયના સર્વોચ્ચ ટોચ પર ચીને ફાઈવ-જી નેટવર્ક પણ સ્થાપી દીધું છે જેથી નેપાળ, તિબેટ, પાકિસ્તાન, ભારત વગેરે ઉપર તે ડિજિટલી નિરીક્ષણ રાખી શકે. ભારત સાથે લડાખમાં બંને દેશના સૈનિકો અવારનવાર ટકરાતા રહે છે ભારતમાં ઘૂસીને બાંધકામ કરવા લાગે છે - આ સિલસિલો અટકતો નથી માટે તેના ઉપર કોઈ વિશ્વાસ રાખી શકાય તેમ નથી. ચીનના પ્યાદાઓ જાણીતે બે મુલ્ક છે જેને ચીન પડદા પાછળ બધી મદદ કરે છે. ઉત્તર કોરિયા ચીનનાં આઉટસોર્સિંગ પર નભી રહ્યું છે. જેનો તાનાશાહ ક્રૂર અને શાણપણથી ખુબ દૂર છે. કિમ ઉન જોગ ને હાલ પણ અમેરિકા સામે લડી લેવાની પ્રબળ ઈચ્છાશક્તિ જે પ્રગટ છે તેના પાયામાં દોરી સંચાર ચીનનો છે ! ચીન ખુબ જ ચાલબાજ છે, વિશ્વના બજારો ઉપર પ્રભુત્વ જમાવી દીધા બાદ તેણે કોરોના વાઈરસ દ્વારા શક્તિશાળી અન્ય દેશોનાં મનોબળ અને અર્થતંત્રને આયોજનબદ્ધ તોડ્યા છે તે નક્કર હકિકત હવે ખુલ્લી પડી ગઈ છે. અમેરિકાએ બીજા વિશ્વયુદ્ધ બાદ કદી આટલી જાનહાનિ અનુભવી નથી જેટલા મોત આ મહામારીમાં થઈ રહ્યા છે. આર્થિક વ્યૂહરચનામાં ચીન હાલમાં વ્યસ્ત છે અને તેના આંતરિક સવાલોને તે બહાર પડવા દેતું નથી ત્યાં લોકશાહી નથી. હવે અમેરિકામાં કોરોનાથી હાહાકાર છે તેમાં એક નજીવી છતા અમાનવીય ઘટના બાદ રંગભેદથી તોફાનો એટલા બધા વ્યાપક થયા છે કે ખુદ ટ્રમ્પ સાહેબ હતપ્રભ - કન્ફયુઝ્ડ થઈ ગયા છે. કોણ વિશ્વની સાચી મહાસત્તા હવે ગણાય તેની સ્પર્ધામાં આખુ જગત પરેશાન છે! અરે ભાઈ, આ સમગ્ર સૃષ્ટિ ઈશ્વરની કૃતિ છે એટલે તેની ઉપર જન્મ લઈને વિઝટ કરવા આવ્યા છો તો કંઈક ઉમદા એવું વિચારો અને કરો કે સર્જનહાર પર ખુશી મહેસૂસ કરે ! મોટા મોટાના ઝગડાઓમાં નાના નાના જીવન માટે તરસે એ કેટલાં અંશે વ્યાજબી છે ? આજના વિશ્વના સ્વરુપને સમજો તો બધા પરસ્પર ખૂબ વ્યવહારોથી જોડાયેલા છે તેનું કારણ આર્થિક ઉદારીકરણ છે એટલે જે સાચી રીતે સક્ષમ હશે તે બધું સહજ રીતે મેળવશે તેમાં હવે ગળાકાપ હરિફાઈને પણ અવકાશ નથી. ગળા કાપવા એ જ અમાનીય અને હિંસાનો પ્રકાર છે.

જીવનનો પર્યાય જો કોઈ વાસ્તવિક રૂપમાં હોય તો એ પ્રેમ છે જો પ્રેમ નથી તો જીવન પણ મોત છે. અંદરોઅંદર અને લાલચ વશ મોટા દેશો જે ચાલબાજી કરી રહ્યા છે તેમાં નિર્દોષ લોકો મરી રહ્યા છે માટે ભૌતિક તથા લાલચોથી દૂર રહેવાય તો આ સમગ્ર સૃષ્ટિ ઉપરના માનવી સુખી થઈ શકે. અંકિત ત્રિવેદીની એક નાની રચના સમજવા જેવી છે.

રોજેનો એનો પનારો
કયાં વિતે છે એકધારો
આ દિવસ પણ એમ ઉગે
હોય છાપાનો વધારો
શું ખરીદું એ વિચારૂ
ખાલીખમ છે વેચનારો
બારણું ખુલ્લુ નથીને
એ કહે ઘરમાં પધારો
સારું કરવામાં પડ્યો છે
બાપડો એ કેવો બિચારો
આવો આપણે પ્રાર્થના

કરીએ કે ઈશ્વર બધાને સદબુદ્ધિ આપે અને વિશ્વને શાતાની પ્રસાદી પ્રાપ્ત થાય.

**શૅર આસ્વાદ :**
બુખાર સે મર ગયા વહાં કા ચોરીકાદર
અજીબ બાત હૈ કિ બંગલા થા ડૉકટર કા